* A C - 2 6 3 3 *

# AC-2633

## First Year. B. Com. (Sem. II) Examination

March/April – 2015

## Foundation Course in Gujarati

## (Pratyayan Kaushalya-II)

*(Comp.) (New Course)*

Time : 2 Hours] [Total Marks : **50**

સૂચના : (૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.

Name of the Examination :
☛ FIRST YEAR. B. COM. (SEM. II)

Name of the Subject :
☛ Found. Course in Guj. *(Comp.) (New Course)*

☛ Subject Code No. : 2 6 3 3 ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

(૨) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ ટૂંકમાં જવાબ આપો : (માંગ્યા પ્રમાણે) ૧૦

(૧) નિબંધના બે પ્રકારો જણાવો.

(૨) વિરુધ્ધાર્થી શબ્દ આપો : (ગમે તે **બે**)

અજવાળું, દ્વૈત, ચેતન, કૃતજ્ઞ.

(૩) સમાનાર્થી શબ્દ આપો : (ગમે તે **બે**)

નયન, કિનારો, ગરીબ તિમિર.

(૪) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : (ગમે તે **બે**)

અમૃત જેવી મીઠી નજર, જીતી ન શકાય તેવું,

આ લોકમાં મળે નહિ તેવું, આવક તથા ખર્ચનો અડસટ્ટો

(૫) નીચે દર્શાવ્યા પૈકી કોઈપણ બે કહેવતનો અર્થ જણાવો :

મન ચંગા તો કથરોટમાં ગંગા,

ફજેતીનો ફાળકો,

રાત થોડી ને વેશ ઝાઝા,

વાડ જ ચીભડાં ગળે.

૨ નીચેનામાંથી કોઈપણ **એક** વિષય પર નિબંધ તૈયાર કરો. ૧૩

(૧) ભારતીય સમાજના નારીનું સ્થાન

(૨) 'પ્રદૂષણ' ! આજની વકરતી સમસ્યા

(૩) મારા સ્વપ્નનું ભારત.

૨ નીચે આપેલ ગદ્યખંડનો સારાંશ તૈયાર કરો : ૧૩

ધર્મનો સંબંધ આપણા જીવનમાં જે કંઈ અકળ છે, ગૂઢ છે તેની સાથે છે, એટલે જીવનમાં આપણે જેને મૂલ્યો કહીએ છીએ એની સાથે ધર્મનો સ્થાયી સંબંધ છે. રાજકારણ જીવનનાં મૂલ્યો પર અસર પાડે છે, પણ રાજકારણ વિના માણસને ચાલી શકે છે. બુદ્ધ અને મહાવીર રાજ છોડીને જ જે કંઈ થયા એ થયા હતા. સાહિત્ય કે કહેવાતા સંસ્કાર વિના પણ ચાલી શકે છે.

રાજકારણ અને સાહિત્ય એ બંનેનો મહિમા છે, પણ બંને પ્રમાણમાં કળી શકાય એવા પદાર્થ છે, પરંતુ આ દુનિયામાં કંઈક એવું છે, જે બને ત્યારે બનતું રોકી ન શકાય. અને ન બને ત્યારે લાખો ઉપાયે બનાવી ન શકાય; ધર્મ આ ગૂઢ અકળતાની ચાવી પોતાની પાસે છે એવો દાવો કરે છે. એટલે જ ઉમાશંકર જોષી કરતાં ડોંગરે મહારાજને સાંભળવા મોટી મેદની મળે છે, અને ચંદ્રશેખર જે બોલે તે કરતાં મુનિ ચંદ્રશેખર વિજય જે કંઈ બોલે છે કે સૌના હૈયાં સોંસરવું પ્રવેશે છે. જીવનનાં મૂલ્યો પર ધર્મ ક્રાંતિકારી પ્રભાવ પાડે છે. ધર્મ જેટલી હદે જીવનને બદલી શકે છે એટલી હદે રાજકારણ કે સાહિત્ય બદલી શકતા નથી.

- હરિન્દ્ર દવે.

**અથવા**

૩ નીચે આપેલ ગદ્યખંડનો સારાંશ લખો : ૧૩

નદીને જો કોઈ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીર-ગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય ? શહેરનું મેલું વાતારણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

- કાકાસાહેબ કાલેકલર

૪ (અ) રૂઢિપ્રયોગોનો અર્થ આપી સમજાવો : (ગમે તે **ત્રણ**) ૬

ડાબા હાથનો ખેલ હોવો,

ઢોલકી બજાવવી

જાત નિચોવી નાખવી,

છાશમાં પાણી ઉમેરવું,

છાતી ભરાઈ આવવી,

છીંકતા છીંડુ પડવું.

(બ) નીચે દર્શાવેલ નામો પૈકી કોઈ પણ **બે** પૌરાણિક વ્યક્તિનો ટૂંકમાં પરિચય આપો : ૮

(૧) નરસિંહ મહેતા

(૨) કૃષ્ણ

(૩) મીરાંબાઈ

(૪) ગૌતમ બુદ્ધ.